

અંક-૩
ખંડ-૩
માર્ચ ૨૦૧૭

### કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

### કૃષિ ઉદય...

## ૨૦૧૫-૧૬ના વર્ષના અંતિમ અંદાજો અને બાગાયત પાકના ૨૦૧૬-૧૭ના વર્ષના પ્રથમ આગોતરા અંદાજો



કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ૨૦૧૫-૧૬ના વર્ષના અંતિમ અંદાજો અને બાગાયત પાકના ૨૦૧૬-૧૭ના વર્ષના પ્રથમ આગોતરા અંદાજો જાહેર કરવામાં આવ્યા છે. આ અંદાજો જુદા જુદા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પાસેથી મેળવેલ માહિતીને આધારે છે.

નીચેનું કોષ્ટક ભારત દેશના બધા આખરી અંદાજોનો સારાંશ દર્શાવે છે: વર્ષ ૨૦૧૪-૧૫, આખરી અંદાજ: વર્ષ ૨૦૧૫-૧૬ અને પ્રથમ અગ્રિમ અંદાજ: વર્ષ ૨૦૧૬-૧૭;

(વિસ્તાર '000 હેક્ટરમાં, ઉત્પાદન '000 મેટ્રીક ટનમાં)

| કુલ બાગાયતી પાકો | ૨૦૧૪-૧૫ (અંતિમ) | ૨૦૧૫-૧૬ ( અંતિમ) | ૨૦૧૬-૧૭ (પ્રથમ અગ્રીમ આંદાજો) |
|---|---|---|---|
| વિસ્તાર | ૨૩૪૧૦ | ૨૪૪૭૨ | ૨૪૩૬૯ |
| ઉત્પાદન | ૨૮૦૯૮૬ | ૨૮૬૧૮૮ | ૨૮૭૩૨૩ |

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી
માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક
મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર
સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ
સંપાદક :
ડૉ. હેમંત શર્મા
વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. રવેન
શ્રી એમ. મકવાણા
પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

૨૦૧૬-૧૭ ના અંદાજો સુધારવા જોઈએ કારણ કે રવી પાકોનું ઉત્પાદન સારું છે. એકંદરે મને લાગે છે ૨૦૧૬-૧૭માં કૃષિ ઉત્પાદન પાંચ ટકા ઉપર રહેશે જે સીએસઓના અંદાજ ૪ ટકા કરતાં વધારે છે. જ્યારે ચોથા ત્રિમાસિક ગાળાની (જાન્યુઆરી-માર્ચ) ધારણા મુજબ ૫.૫-૬.૦ ટકા વચ્ચે વૃદ્ધિ થશે છે, એમ શ્રી જોશીએ જણાવ્યું હતું.

આ કેન્દ્ર દ્વારા બીજા આગોતરા અંદાજમાં ૨૦૧૬-૧૭ (જુલાઈ-જૂન) માં રવી પાકના ઉત્પાદનનો અંદાજ ૧૩૪.૪૭ મિલિયન ટન છે, જેમાં ૯૬.૬૪ લાખ ટન ઘઉંના સૌથી વધુ ઉંચા ઉત્પાદનના અંદાજનો પણ સમાવેશ થયેલ છે. ૨૦૧૬-૧૭માં કુલ અનાજ ઉત્પાદન ૨૭૧.૯૮ મિલિયન ટનનો અહેવાલ છે કે જે ગયા વર્ષ કરતાં લગભગ ૨૧ મિલિયન ટન વધુ હોવાનો અંદાજ છે.

## સરકાર ઘઉં પર આયાત જકાત ફરીથી ચાલુ કરી શકે છે.



કેન્દ્રીય ખાદ્યમંત્રી શ્રી રામવિલાસ પાસવાને જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર જો જરૂર પડશે ત્યારે ઘઉં પર આયાત જકાત ફરીથી દાખલ કરી શકે છે.

ડિસેમ્બર-૨૦૧૬ માં સરકાર દ્વારા ઘઉં પર જકાત નાબૂદ પછી બજારમાં નીચા પુરવઠાને કારણે ભાવમાં વધારો થયો હતો. જો કે આ બાબતે ખેડૂતો નિરાશ થયા હતા. કારણ કે, તે ૨૦૧૬-૧૭માં ઘઉંની વાવણીના સમયના મધ્યમાં આ અંગેની જાહેરાત યોગ્ય રીતે કરવામાં આવી ન હતી.

હવે, ૨૦૧૬-૧૭ માં ઘઉંનું ઉત્પાદન જૂન મહિનાની અંત સુધીમાં ૯૬.૬ મિલિયન ટન પહોંચે તેવી શક્યતા છે તેથી કેન્દ્ર જકાત બાબતે ફરીથી વિચારણા કરી શકે છે.

વેપારીઓ અને ઉદ્યોગ જગતના મત અનુસાર આયાત જકાતને દાખલ કરવાની કોઈ જ જરૂરિયાત નથી. કારણ કે ભારતમાં ૨૦૧૭-૧૮ના વર્ષમાં ઘઉંની બીજી ૨-૩ મિલિયન ટન આયાત કરવાની જરૂર પડી શકે છે. ૨૦૧૭-૧૮ માં રવી પાકની ખરીદી પહેલી એપ્રિલથી શરૂ થશે.

કેન્દ્ર સરકારે ૨૦૧૭-૧૮માં ખેડૂતો પાસેથી ૩૩ મિલિયન ટન ઘઉં ખરીદવા માટેનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, કે જે ૨૦૧૬-૧૭ના બજાર વર્ષની વાસ્તવિક ખરીદી કરતાં ૪૩ ટકા વધારે છે. તેમને ખાતરી છે કે ખેડૂતોને તેમના ઘઉંના પાકના વેચાણ સામે કોઇ સમસ્યાઓનો સામનો કરવો નહિ પડે અને જેના માટેની પ્રાપ્તિ પૂર્વીય રાજ્યોમાંથી ખેડૂતોને ખાસ ધ્યાન આપવા સાથેની વ્યાપક તૈયારીઓ ૧ એપ્રિલ, ૨૦૧૭થી કેન્દ્ર સરકારે શરું કરી છે. આ વર્ષે કેન્દ્ર સરકારે આયાત જકાત નાબૂદ કરી બે મહિનાની આસપાસ ઘઉંની સ્થાનિક ઉપલબ્ધતા વધારવા માટે ઘઉંની ૪ મિલિયન ટનની આસપાસ આયાત કરવાનું નક્કી કરવામાં આવેલ છે અને ૫.૫ મિલિયન ટન કરતાં વધુ ઘઉંની આયાત કરવા માટે કરાર પણ કરવામાં આવ્યા છે. બીજા આગોતરા ઉત્પાદનના અંદાજ મુજબ, મુખ્ય પાક ઉત્પાદન ૨૭૧.૯૮ મિલિયન ટન થવાની ધારણા છે.

## ભારતમાં ખરીફ પછી રવી ઋતુમાં વિક્રમી પાક ઉત્પાદનનો અંદાજ



નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ (એનસીએઇઆર)ના આર્થિક વિચારકોના જૂથ દ્વારા એક અભ્યાસમાં જણાવ્યું હતું કે ભારતમાં ૨૦૧૬માં સારા ચોમાસાના પરિણામે વિક્રમી ખરીફ પાક ઉત્પાદન હાંસલ કરવામાં મદદ કરી હતી અને રવિ વાવેતરમાં પણ નોંધપાત્ર વધારો થયેલ છે.

નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ (એનસીએઈઆર)ના ૨૦૧૭ ના રવિ મોસમમાં ટૂંકા ગાળાના કૃષિ અંદાજ પરના અહેવાલ મુજબ, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં કુલ મૂલ્ય વૃદ્ધિ (GVA) ૨૦૧૬-૧૭ના બીજા ત્રિમાસિક સમયગાળામાં નોંધપાત્ર ૩.૩ ટકા પ્રતિ વર્ષ વૃદ્ધિ હાંસલ કરી છે કે જેણે અગાઉના ત્રિમાસિક સમયગાળામાં ૧.૮ ટકા વૃદ્ધિ નોંધાવી હતી.

કૃષિ ક્ષેત્ર માટે વર્ષ ૨૦૧૬-૧૭માં એકંદરે ૪.૧ ટકાનો મજબૂત વૃદ્ધિ દરનો અંદાજ બાંધવામાં આવે છે કે જે ગયા વર્ષે દુષ્કાળની અસરને લીધે ૧.૨ ટકા જેટલો રહ્યો હતો.

## વિહંગાવલોકનઃ ૨૦૧૫-૧૬ (અંતિમ અંદાજો)

- દેશમાં કુલ બાગાયત પાકોનું ઉત્પાદન ૨૦૧૫-૧૬ દરમિયાન ૨૮૬ મિલિયન ટન આસપાસ હોવાનો અંદાજ છે, કે જે અગાઉના વર્ષ કરતાં ૨%વધારે છે.
- ફળોનું ઉત્પાદન ૯૦ મિલિયન ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં ૧% વધારે છે.
- શાકભાજીનું ઉત્પાદન ૧૬૯ મિલિયન ટન હોવાનો અંદાજ છે, જે અગાઉના વર્ષ કરતાં ૧.૫% વધારે છે.
- મસાલાનું ઉત્પાદન ૭ મિલિયન ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં ૧૪% વધારે છે.
- ડુંગળીનું ઉત્પાદન ૨૦૯ લાખ ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં ૧૧% વધારે છે.
- બટાકાનું ઉત્પાદન ૪૩૪ લાખ ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં ૧૦% ઓછું છે.
- ટામેટાનું ઉત્પાદન ૧૮૭ લાખ ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં લગભગ ૧૫% વધારે છે.

## વિહંગાવલોકનઃ – ૨૦૧૬-૧૭ (પ્રથમ અગ્રિમ અંદાજો)

- ૨૦૧૬-૧૭ દરમિયાન દેશમાં બાગાયત પાકોનું ઉત્પાદન ૨૮૭ મિલિયન ટન હોવાનો અંદાજ છે. જે ૨૦૧૫-૧૬ની તુલનાએ થોડું વધારે છે.
- ફળોનું ઉત્પાદન ૯૨ મિલિયન ટન હોવાનો અંદાજ છે. જે લગભગ અગાઉના વર્ષ કરતાં ૨% વધારે છે.
- શાકભાજીનું ઉત્પાદન ૧૬૮.૬ મિલિયન ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં 0.3% સાધારણ નીચો હોવાનો અંદાજ છે.
- મસાલાનું ઉત્પાદન ૭ મિલિયન ટન હોવાનો અંદાજ છે. જે લગભગ અગાઉના વર્ષ જેટલું જ છે.
- ડુંગળીનું ઉત્પાદન ૧૯૭ લાખ ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં ૬% ઓછું છે અને અગાઉનું વર્ષ ડુંગળીના એક બમ્પર ઉત્પાદનનું વર્ષ હતું. આમ, છતાં તે છેલ્લાં ૫ વર્ષમાં સરેરાશ ડુંગળી ઉત્પાદનની સરખામણીમાં ૫% વધારે છે.
- બટાકાનું ઉત્પાદન ૪૩૯ લાખ ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં ૧% વધારે છે.
- ટમેટાનું ઉત્પાદન ૧૮૯ લાખ ટન હોવાનો અંદાજ છે. જે અગાઉના વર્ષ કરતાં લગભગ ૧% વધારે છે.

## ચોથા ત્રિમાસિક ગાળામાં કૃષિ ક્ષેત્રે ૫% વૃદ્ધિ થવાનો અંદાજ



ચોથા ત્રિમાસિક ગાળા દરમિયાન કૃષિ અને સંબંધિત ક્ષેત્રમાં સત્તાવાર રીતે વૃદ્ધિ ચાલુ નાણાંકીય વર્ષમાં લગભગ પાંચ ટકા રહેવાની ધારણા છે અને તેમાં સુધારો થઈ શકે છે. જ્યારે પ્રથમ કામચલાઉ આંકડા મે મહિનાના અંતમાં આવશે.

જોકે ચોથા ત્રિમાસિક સમયગાળામાં કૃષિ વિકાસ ૪.૯૮ ટકા રહ્યો હતો જે ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં વિકાસના ૬ ટકા કરતાં ઓછો હતો. તાજેતરના સમયમાં કૃષિ વિકાસ સૌથી વધારે છે. તાજેતરના કેન્દ્રિય આંકડાકીય ઓફિસ (સીએસઓ) દ્વારા પ્રકાશિત આંકડામાં જણાવાયું હતું કે ૨૦૧૬-૧૭ દરમિયાન કૃષિ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓનો વિકાસ દર ૪.૪ ટકા થાય તેવી શક્યતા છે. રવી કૃષિ પાકોના અંતિમ અંદાજ હજુ સુધી બહાર પડ્યા નથી. સરકાર ચોથા ત્રિમાસિક સમયગાળામાં સલામતીનો અભિગમ અપનાવતી હોય તેમ લાગી રહ્યું છે. ૨૦૧૫-૧૬ના ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં નકારાત્મક વિકાસ ૨.૨ ટકાની સરખામણીમાં પણ ૨૦૧૬-૧૭ના જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિક સમયગાળામાં એક સકારાત્મક અસર કરશે. પાક કાપણીના સમયગાળા દરમિયાન અનિશ્ચિત હવામાન તેમાં ઉમેરો કરી શકે છે. કુલ ઘરેલું ઉત્પાદનમાં (જીડીપી) ત્રીજા ત્રિમાસિક અંદાજોમાં રવી પાકોનાં અનુમાનો શરુઆતમાં ધ્યાને લેવાયા હતા, જેમાં એક બમ્પર ખેત ઉત્પાદનનું અનુમાન હતું. પરંતુ અંતિમ અંદાજોની ગેરહાજરીમાં સીએસઓ દ્વારા સાવધાની રાખવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય ખાદ્યનીતિ સંશોધન સંસ્થાના વડા શ્રી પી.કે. જોશી, આ બાબતે વધુ આશાવાદી છે. તેમણે જણાવ્યું હતું કે બંને ચોથા અને અંતિમ ત્રિમાસિક અંદાજો કૃષિ જીડીપીના

તેની સરખામણીમાં, તાજેતરના સત્તાવાર અંદાજ મુજબ ૨૦૧૬-૧૭ માટે ૪.૪ ટકા વૃદ્ધિ દર સૂચવે છે અને ૨૦૧૫-૧૬ માટે તે દર ૦.૮ ટકા હતો. ૨૦૧૬-૧૭માં કૃષિ ક્ષેત્રમાં ૪.૧ ટકા વૃદ્ધિ દર થવાની ધારણા છે, કે જે ૨૦૧૫-૧૬માં દુષ્કાળની અસરને લીધે વૃદ્ધિ દર ૧.૨ ટકાની સામે બમણાં કરતાં વધુ થવાની ધારણા છે.

એનસીએઇઆરના અહેવાલના તારણો મુજબ જુદા જુદા કૃષિ નિક્ષેપોના ભાવ અને તેની ઉપલબ્ધતા, ચોમાસાની ઋતુમાં પૂરતો વરસાદ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ શરતો અને સરકારી નીતિઓ વગેરે આ વર્ષે રવિ અને ખરીફ પાકના ઉત્પાદન પરની અસરો સહિત વિવિધ પરિબળો વ્યાપક આકારણી પર આધારિત છે. રવિ સિઝનમાં ૯૬-૯૮.૭ કરોડ ટન ઘઉંના ઉત્પાદનની આગાહી છે કે જે સરકારના અંદાજ મુજબ સામાન્ય વર્ષમાં ૯૬.૬ મિલિયન ટન રહે છે.

એનસીએઈઆરની આગાહી ૧૩ મિલિયન ટન રવિ ચોખાના ઉત્પાદન માટેની છે કે જેની સામે  સરકારનો અંદાજ ૧૨.૮ મિલિયન ટન છે.

## આ સિઝનમાં ખાંડનું ઉત્પાદન ૧૯ ટકા થવાનો અંદાજ




ભારતમાં આ સિઝનમાં કર્ણાટક, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં નબળી પાકની ઉપજને કારણે ૧૯ ટકા જેટલો ખાંડના ઉત્પાદનમાં ઘટાડો થશે, તેમ ખાંડ ઉદ્યોગોના સર્વોચ્ચ જૂથે તેના સુધારેલા અંદાજમાં જણાવ્યું હતું.

ભારતીય ખાંડ મિલોના સંગઠન(ઈસ્મા)એ જણાવ્યું હતું કે, ૨૦૧૬-૧૭માં ઓક્ટોબરથી શરૂ થતી ઋતુમાં ખાંડ ઉત્પાદન ૨૦.૩ મિલિયન ટનની આસપાસ રહેશે કે જે અગાઉના વર્ષમાં આ જ સિઝનમાં ૨૫.૧ લાખ ટન હતું. ઈસ્માએ આ વર્ષે જાન્યુઆરીમાં ૨૧.૩ મિલિયન ટન ખાંડ ઉત્પાદનની આગાહી કરી છે.

૭.૭૫ કરોડ ટન પ્રારંભિક સિલક સાથે ખાંડ ઉત્પાદન ૨૦.૩ મિલિયન ટન હોવાનો અંદાજ છે અને ચાલુ સિઝનમાં વપરાશ ૨૩.૮-૨૪ કરોડ ટન રહેશે અને બંધ સિલક ૪-૪.૨ મિલિયન ટન જેટલે રહશે તેવું ઈસ્માએ એક અખબારી નિવદનમાં જણાવ્યું હતું. આ સંતુલન નવેમ્બર ૨૦૧૭ના લગભગ અંત સુધી સ્થાનિક જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતું રહશે.

ભારતનું ખાંડ ઉત્પાદન ૨૦૧૪ પછી સતત બે વર્ષ દુકાળને લીધે શરૂઆતના વર્ષ ૨૦૧૩-૧૪ માં ૨૮.૩ મિલિયન ટનથી ઘટીને ૨૦૧૫-૧૬ માં ૨૫.૧ મિલિયન ટન જેટલું થયુ હતું અને તે સાત વર્ષની સૌથી નીચી સપાટીએ ૨૦૧૬-૧૭ માં ૨૧.૩ મિલિયન ટન થયેલ હતું. દક્ષિણ એશિયન રાષ્ટ્રો એ વિશ્વમાં ખાંડના સૌથી મોટા ગ્રાહક છે, અને ઘણી વખત જ્યારે સ્થાનિક ઉત્પાદનમાં તીવ્ર ઘટાડો થવાથી વધતી જતી કિંમતોને અટકાવવા માટે ખાંડની આયાત કરવી પડે છે.

ઈસ્માએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ખાંડના ભાવ છેલ્લાં બે સપ્તાહથી સ્થિર કરવામાં આવ્યા છે અને તેથી ત્યાં સ્થાનિક ઉપલબ્ધતાની પુરવણી માટે કોઈ કારણ ન હતું. તેમ છતાં, ઈસ્મા ફરીથી એક વાર એપ્રિલ ૨૦૧૭ થી અંતિમ તબક્કામાં તેની સમીક્ષા કરશે.

ઈસ્મા અનુસાર મહારાષ્ટ્ર રાજ્યની ૧૭ મિલો સિવાય બધી જ મિલોમાં શેરડીના પીલાણની કામગીરી લગભગ બંધ છે, અને રાજ્યમાં તેથી જ ૪.૨ મિલિયન ટન ખાંડ ઉત્પાદન થવાની ધારણા છે.

Book Post

To.

DOI : March- 31, 2017

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

Acknowledged the information used/taken from the public domain

Lajja : 02692-233864